દિવાળી પહેલાં કરુણાંતિકા: પતિના અવસાનના એક વર્ષ બાદ માતાએ પુત્ર અને પુત્રી સાથે જીવન ટૂંકાવ્યું

# વડોદરામાં સોની પરિવારના ૩નો આપઘાત

**દલા** પટેલની પોળમાં સોની પરિવારના મકાનમાંથી દુર્ગંધ આવતાં ઘટનાની જાણ થઈ હોવાની આશંકા



(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા શહેરના માંડવી વિસ્તારમાં આવેલી દલા પટેલની પોળમાં સોની પરિવારના ત્રણ સભ્યોનાં મોતની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. 50 વર્ષીય આરતીબેન સોની અને તેમના પુત્ર નીલકંઠ તથા પુત્રી ઝલકના મૃતદેહ અલગ-અલગ જગ્યાએ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. પતિના અવસાનના એક વર્ષ બાદ બનેલી આ ઘટનામાં પોલીસે મોત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરના જૂના શહેર વિસ્તાર માંડવીની દલા પટેલની પોળ (નરસિંહજીની પોળ)માં એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોતની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. 50 વર્ષીય આરતીબેન સોની, તેમના પુત્ર નીલકંઠ સોની અને પુત્રી ઝલક સોનીના મૃતદેહ અલગ-અલગ જગ્યાએ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. આરતીબેનના પતિનું એક વર્ષ અગાઉ હાર્ટ એટેકથી અવસાન થયું હતું. ઘટનાની જાણ થતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે ત્રણેય મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. મૃતદેહોમાંથી દુર્ગંધ આવતી હોવાથી ઘટનાને થોડો સમય વીતી ગયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, મૃત્યુનો ચોક્કસ સમય અને સંજોગો પોસ્ટમોર્ટમ રિપોર્ટ તથા તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

DCP એન્ડ્રુ મેકવાને જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી મુજબ એક જ પરિવારના ત્રણ સભ્યોએ અલગ-અલગ જગ્યાએ ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું જણાય છે. પોલીસે ઘટના સ્થળે સઘન તપાસ હાથ ધરી છે. સાથે જ પરિવારજનો અને મૃતકોના નજીકના સંપર્કોની પૂછપરછ કરવામાં આવી રહી છે. હાલમાં આ મામલે અકસ્માતે મોત (એ.ડી.)ની નોંધ કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. ત્રણેયનાં મોત પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસ વિવિધ પાસાંઓની તપાસ કરી રહી છે.

### માતાએ પુત્ર સાથે મળીને ઓપી રોડ પર આલીશાન હોસ્પિટલ શરૂ કરી હતી

સૂત્રોના જણાવ્યા મુજબ આરતીબેન અને નીલકંઠ સોની ઓલ્ડ પાદરા રોડ પર આવેલી ઝેડએસઈપીએસ હેલ્થ કેર હોસ્પિટલનું સંચાલન કરતાં હતાં. હોસ્પિટલમાં નીલકંઠ સોની ડિરેક્ટર તરીકે, જ્યારે માતા આરતીબેન સોની સીઈઓ તરીકે જવાબદારી સંભાળતાં હતાં. પરિવારના મોભી એવા આરતીબેનના પતિનું એક વર્ષ અગાઉ હાર્ટ એટેકથી મોત થયું હતું. સુખી પરિવારનાં માતા-પુત્રએ આખરે ક્યાં કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજી અકબંધ છે. પોલીસ તપાસમાં કારણો સામે આવે તેવી શક્યતા છે.

### માતા, પુત્ર અને પુત્રીએ પોતાના અલગ અલગ રૂમમાં જઈ ફાંસો ખાધો

શહેરમાં નરસિંહજીની પોળ નજીક આવેલી દલા પટેલની પોળમાં રહેતા સોની પરિવારના ત્રણ સભ્યોનાં મોતની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પરિવારનાં 50 વર્ષીય આરતીબેન સોની, પુત્ર નીલકંઠ સોની અને પુત્રી જેની સોનીએ ગઈકાલે પોતાના મકાનમાં અલગ-અલગ રૂમમાં ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હોવાની માહિતી સામે આવી છે. એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોત પાછળનું કારણ હજી સ્પષ્ટ થયું નથી.

ઓલપાડ ગ્રા.પં.માં રૂપિયા ૨૪.૯૦ લાખના ચૂકવણાના વિવાદમાં વહીવટી કાર્યવાહી

# ઓલપાડમાં રોડના બોગસ બિલિંગમાં કૌભાંડમાં બે કર્મચારીની બદલી

**તલાટીને** મહુવા અને એસ.ઓ. ને ઉમરપાડા તાલુકા પંચાયતમાં લીવ રિઝર્વ પર મુકાયા

સુરત : ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતની સરકારી પડતર જમીન અને તળાવમાંથી માટી ખોદી કાઢવાના અને રસ્તા બનાવવાના પ્રકરણમાં રૂપિયા ૨૪.૯૦ લાખના ચૂકવણાને લઈને સર્જાયેલા વિવાદ વચ્ચે વહીવટી તંત્રએ બે કર્મીની તાત્કાલિક અસરથી બદલી કરી છે. તલાટી કમ મંત્રી બળદેવ બારિયાને મહુવા તાલુકા પંચાયત ખાતે, જ્યારે તલાટી કમ મંત્રી પિયુષભાઈને ઉમરપાડા તાલુકા પંચાયત ખાતે લીવ રિઝર્વ પર મૂકવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રકરણની તપાસ હજુ ચાલુ છે અને તપાસના અંતે જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતની સરકારી પડતર જમીન અને તળાવમાંથી માટી ખોદકામ તથા તેના વેચાણ અને રસ્તા બનાવ્યા વગર જ ખોટા બીલ કે પછી એડવાન્સ બીલ રૂપિયા ૨૪.૯૦ લાખના ચૂકવણા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. આ પ્રકરણમાં પંચાયતના ઠરાવો, ચૂકવણાની પ્રક્રિયા અને તેમાં સંકળાયેલા જવાબદારોની ભૂમિકા તપાસના કેન્દ્રમાં છે. અગાઉ આ મામલે તત્કાલિન મહિલા સરપંચ રૂચિકાબેન પટેલને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. આ પ્રકરણમાં વહીવટી તંત્ર દ્વારા હવે બે કર્મચારીઓની બદલી કરીને આગળની કાર્યવાહી માટેનો માર્ગ મોકળો કરવામાં આવ્યો છે. જોકે, માત્ર બદલીથી જ સમગ્ર પ્રકરણનો ઉકેલ આવી શકે તેમ નથી. રૂપિયા ૨૪.૯૦ લાખના ચૂકવણાની મંજૂરી કેવી રીતે મળી, તેમાં કયા અધિકારીઓ અને કર્મચારીઓની ભૂમિકા હતી તથા સરકારી નિયમોનું પાલન થયું હતું કે નહીં, તેની ઊંડાણપૂર્વક તપાસ જરૂરી બની છે. જવાબદારી નક્કી કરવાની સાથે એજન્સી સામે પણ કાર્યવાહી કરવાની જરૂરિયાત વ્યક્ત થઈ રહી છે.

### ટીડીઓને તપાસ સોંપવામાં આવી

આ મામલે જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર મીનાએ જણાવ્યું કે, એજન્સીની ભૂમિકા અંગે પણ તાલુકા વિકાસ અધિકારીને તપાસ સોંપવામાં આવી છે. હાલ તપાસ ચાલુ હોવાથી અંતિમ જવાબદારી કોની છે તે સ્પષ્ટ થવાનું બાકી છે. તપાસના અંતે માત્ર કર્મચારીઓ સામે જ નહીં, પરંતુ નિયમભંગમાં સંડોવણી જણાય તો સંબંધિત એજન્સી સામે પણ કાયદેસરની કાર્યવાહી કરાશે.

# પારૂલ યુનિ.ની હિન્દુ વિદ્યાર્થિનીની છેડતીમાં સુરતના યુવાનને આગોતરાં

**ખુદ** યુવતીએ આરોપીઓની તરફેણમાં સોગંદનામું રજૂ કર્યું હતું

**આરોપી** વિધર્મી યુવકોએ વ્હીસ્કી-ડ્રગ્સનું સેવન કરાવી બેભાન અવસ્થામાં જાતીય સતામણી કરી હોવાનો આરોપ હતો

સુરતઃ મૂળ પંજાબના અમૃતસરની અને વડોદરાની પારુલ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી ૨૦ વર્ષીય હિન્દુ યુવતીને પાંચ વિધર્મી યુવક ફૈઝાન મુલતાની, ફરીદ, સલમાન, સફાન શેખ, વસીમએ મુંબઈ બોલાવી વિસ્કી અને ડ્રગ્સનુ સેવન કરાવી બેભાન અવસ્થામાં જાતીય સતામણી કરી હોવાનાં કેસમાં આરોપીઓ પૈકી સુરતનાં એક આરોપીના વાપી સેશન્સ કોર્ટે આગોતરાં જામીન મંજૂર કર્યા હતા. આરોપી સલમાન શેખની તરફે એડવોકેટ નદીમ ચૌધરીએ રજુઆત કરી હતી. આરોપીની આગોતરાં અરજીની સુનાવણીમાં મુળ ફરિયાદી યુવતીનું સોંગદનામુ રજુ કરવામાં આવ્યું હતું. જે સોગંદનમામાં જણાવ્યું હતું કે તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વડોદરાથી મુંબઈ મિત્રોને મળવા ગઈ હતી. બીજા દિવસે વડોદરા પરત ફરતી વખતે વાપીમાં તબિયત લથડતાં મિત્રોએ વાપીની હોસ્પિટલમાં ખસેડી હતી. સોગંદનામામાં યુવતીએ આક્ષેપ કર્યો છે કે તેણે પોલીસ કે ડૉક્ટર સમક્ષ છેડતી કે દુષ્કર્મની કોઈ જ હકીકત જણાવી ન હતી. તેમ છતાં, ડુંગરા પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ડૉક્ટર સાથે મળીને મેળાપીપણામાં અને દબાણપૂર્વક ધાકધમકી આપીને તેની સહી કરાવી લીધી હતી. આ કેસમાં સુરતનો આરોપી સલમાન શેખએ એડવોકેટ નદીમ ચૌધરી મારફતે આગોતરા જામીન કરી હતી. તમામ પક્ષકારોની રજૂઆત બાદ વાપી સેશન્સ કોર્ટે અરજી મંજૂર કરી હતી.

# આંખમાંથી સળિયો આરપાર થવાની ઘટનામાં આખરે સગીરે દમ તોડ્યો

**પલસાણામાં** બાંધકામ સાઇટ પર ત્રીજા માળેથી પટકાતાં ઘટના બની હતી,

**સિવિલમાં** 10 તબીબની ટીમે 4 કલાકની સર્જરી કર્યા બાદ પણ જીવ ન બચ્યો



સુરતઃ પલસાણાના બારાસરી ગામે નવા બની રહેલા સ્વામિનારાયણ મંદિરની બાંધકામ સાઇટ પર ત્રીજા માળેથી પટકાતાં ડાબી આંખમાંથી સળિયો આરપાર ઘૂસી મગજ અને ખોપરીમાંથી બહાર નીકળવાની ગંભીર ઈજાનો ભોગ બનેલા કિરણ ડામોરનું સારવાર દરમિયાન બુધવારે સાંજે નવી સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

આંખમાંથી ઘૂસેલો સળિયો બહાર કાઢવા માટે ન્યુરોસર્જન સહિત વિવિધ વિભાગોના 10 તબીબોની ટીમે અંદાજે ચાર કલાક સુધી સર્જરી કરી હતી.

જોકે, સર્જરી બાદ પણ તેની હાલત ગંભીર રહેતાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો. અંતે સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. મૂળ પંચમહાલ ના ગોધરાનો રહેવાસી 17 વર્ષીય કિરણ ગુલાબભાઈ ડામોર દિવાળીની ખરીદી અને કામ અર્થે પલસાણાના બારાસરી ગામે સંસ્કારધામ ખાતે નવા બની રહેલા સ્વામિનારાયણ મંદિરની બાંધકામ સાઈટ પર રહેતા તેના મોટા ભાઈ પાસે આવ્યો હતો. રવિવારે બપોરે બાંધકામ સાઈટના પહેલા માળેથી અચાનક નીચે પટકાતાં ગ્રાઉન્ડ ફ્લોરના કોલમનો સળિયો તેની ડાબી આંખમાંથી આરપાર નીકળી ગયો હતો. આ ઉપરાંત તેના હાથમાં પણ સળિયો ઘૂસી ગયો હતો.

નવી સિવિલ હોસ્પિટલના ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી સહિત વિવિધ વિભાગોના તબીબોએ તાત્કાલિક સારવાર હાથ ધરી હતી. ફાયર બ્રિગેડના અધિકારીઓની મદદથી સળિયો કાપ્યા બાદ આંખ, ન્યુરોસર્જરી અને ઓર્થોપેડિક વિભાગના તબીબોની ટીમે અંદાજે ચાર કલાક સુધી સર્જરી કરીને સળિયો બહાર કાઢ્યો હતો.

બુધવારે સાંજે સારવાર દરમિયાન તેનું મોત નીપજતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

# ‘ઓપરેશન ગંગાજળ’: પંચાયત વિભાગના બે TDOને ફરજિયાત નિવૃત્તિ

**રાણપુરના** એચ.એફ. ભૂવાતરા અને સિહોરના એમ.પી. રાવ સામે પગલાં

ગાંધીનગરઃ ગુજરાતમાં વહીવટી તંત્રની કાર્યપદ્ધતિ, અધિકારીઓની જવાબદારી અને ભ્રષ્ટાચાર સામે સરકારની કડકાઈ ફરી રાજકીય તથા વહીવટી ચર્ચાના કેન્દ્રમાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારના ‘ઓપરેશન ગંગાજળ’ અંતર્ગત પંચાયત વિભાગના વધુ બે તાલુકા વિકાસ અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય લેવાયો છે. બોટાદ જિલ્લાના રાણપુરના તાલુકા વિકાસ અધિકારી એચ.એફ. ભૂવાતરા અને ભાવનગર જિલ્લાના સિહોરના તાલુકા વિકાસ અધિકારી એમ.પી. રાવ સામે લેવાયેલા આ પગલાંને વહીવટી તંત્રમાં શિસ્ત અને જવાબદારીનો સંદેશ આપવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં આશરે 85 અધિકારી-કર્મચારીઓ સામે કાર્યવાહી થયાની વિગતો સામે આવી છે. ગંભીર ફરિયાદો અને તપાસનાં તારણોના આધારે અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપવા જેવા પગલાં એ સ્પષ્ટ સંકેત આપે છે કે સરકારી પદ કોઈને જવાબદારીમાંથી છટકવાની ઢાલ આપી શકતું નથી. લોકોના હકના કામમાં ગેરરીતિ આચરનારાઓ સામે તપાસથી લઈને કડક શિસ્તભંગની કાર્યવાહી સુધીનો કડક અભિગમ જ વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચારને રોકવા અને જવાબદારી નક્કી કરવા માટે નિર્ણાયક બની શકે છે.

### રાણપુર અને સિહોરના ટીડીઓ સામે કાર્યવાહી

રાણપુરના ટીડીઓ એચ.એફ. ભૂવાતરા અને સિહોરના ટીડીઓ એમ.પી. રાવ સામે વહીવટી અનિયમિતતાઓ તથા ભ્રષ્ટાચાર સંબંધિત ગંભીર ફરિયાદોને પગલે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસના અંતે બંને અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય લેવાયો છે. આ કાર્યવાહીથી પંચાયત વિભાગ સહિતના સરકારી તંત્રમાં અધિકારીઓની કામગીરી અને સેવાકીય જવાબદારી અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે.

### 85 અધિકારી-કર્મચારીઓ સામે પગલાં

અત્યાર સુધીમાં આશરે 85 અધિકારી-કર્મચારીઓ સામે વિવિધ પ્રકારનાં કડક પગલાં લેવાયા હોવાની માહિતી છે. તંત્રની કામગીરીની સમીક્ષા અને ફરિયાદો સામેની કાર્યવાહી દ્વારા સરકાર શિસ્તબદ્ધ વહીવટનો સંદેશ આપવા માગે છે.

# ભીલડીથી ખેડૂતોના ખાતામાં રૂ.18,680 કરોડની સહાય ટ્રાન્સફર કરશે મોદી

**બનાસકાંઠાથી** કૃષિ વિકાસના નવા પ્રકલ્પોની ભેટ, ગુજરાતના 52.33 લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. 1,051 કરોડથી વધુની સહાય મળશે

**બનાસ** ડેરીના નવા પ્રકલ્પોનું લોકાર્પણ અને બે બાયોગેસ પ્લાન્ટનું ભૂમિપૂજન પણ કરાશે

ગાંધીનગરઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 30 અને 31 ઓક્ટોબરે રાજ્યની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન બનાસકાંઠાના ભીલડીથી રાષ્ટ્રીય કક્ષાના ‘પીએમ કિસાન ઉત્સવ દિવસ’ની ઉજવણી કરીને દેશભરના કરોડો ખેડૂતોને આર્થિક સહાય પહોંચાડવામાં આવશે, જ્યારે એકતાનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થશે. ભીલડીના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 24મો હપ્તો જાહેર થવાનો છે, જેના હેઠળ દેશના 9.34 કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. 18,680 કરોડથી વધુની સહાય મળશે. ગુજરાતના 52.33 લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. 1,051 કરોડથી વધુની રકમ પ્રાપ્ત થશે. આ ઉપરાંત બનાસકાંઠામાં પશુપાલન, દૂધ ઉત્પાદન અને વૈકલ્પિક ઊર્જાને વેગ આપતા પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ યોજાશે.

### એકતાનગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી

વડાપ્રધાન 30 ઓક્ટોબરની સાંજે એકતાનગર ખાતે ‘ભારત પર્વ’ પેવેલિયનની મુલાકાત લેશે અને ત્યારબાદ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા રજૂ થનારા ‘આનંદમઠ’ નાટકનું નિરીક્ષણ કરશે. 31 ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે વડાપ્રધાન સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ એકતાનગરમાં વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ, શિલાન્યાસ અને ભૂમિપૂજન કરવામાં આવશે. વડાપ્રધાન ‘આરંભ-2026’ કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે અને બપોરે ટેન્ટ સિટી ખાતે તાલીમાર્થી અધિકારીઓ સાથે સંવાદ કરશે. સાંજે પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા રાષ્ટ્રીય એકતા દિવસના મુખ્ય સમારોહમાં પરેડનું નિરીક્ષણ કરી સલામી ઝીલશે. આ કાર્યક્રમોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

૩૦મીએ પીએમ કિસાન યોજનાનો ૨૪મો હપ્તો રિલીઝ થશે

# સુરત જિલ્લામાં ૭૨ સ્થળે ‘કિસાન ઉત્સવ’ ખેડૂતોને યોજનાકીય માહિતી મળશે

**જિલ્લા** કક્ષાના કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિ, ગ્રામ્ય સ્તરે વિશેષ આયોજન

સુરતઃ ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓ સાથે જોડવા સુરત જિલ્લામાં આગામી તા. ૩૦મીએ ‘કિસાન ઉત્સવ દિવસ’ની ઉજવણી કરવામાં આવશે. જિલ્લા પંચાયતની ૩૬ બેઠક દીઠ બે સ્થળ મળીને કુલ ૭૨ સ્થળએ કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે વડાપ્રધાન દ્વારા પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો રિલીઝ કરવામાં આવશે, જેનું જીવંત પ્રસારણ ખેડૂતો અને લાભાર્થીઓ નિહાળી શકશે.

જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ ઉપસ્થિત રહેશે. નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત કક્ષાએ યોજાનારા કાર્યક્રમોમાં ખેડૂતોની વધુમાં વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવા તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

કિસાન ઉત્સવ દિવસ દરમિયાન કૃષિ અને બાગાયત ક્ષેત્ર સાથે સંકળાયેલા લાભાર્થીઓ, સહકારી મંડળીઓ, પેક્સના સભ્યો, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ તથા વિવિધ કૃષિલક્ષી સંસ્થાઓના સભ્યો જોડાશે.

કિસાન વિકાસ કેન્દ્રો, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ અને પ્રધાનમંત્રી સમૃદ્ધિ કેન્દ્રોના પ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં સહભાગી થશે. મહિલા સ્વસહાય જૂથોને પ્રોત્સાહન આપવા સખી મંડળો દ્વારા વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવશે. કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરવા જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્રપ્રકાશ મીનાની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત ખાતે બેઠક યોજાઈ હતી. તેમાં જિલ્લા રજિસ્ટ્રાર, તાલુકા વિકાસ અધિકારીઓ, મામલતદારો, પ્રાંત અધિકારીઓ, ખેતીવાડી અધિકારી સહિતના સંબંધિત અધિકારીઓ વિડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. બેઠકમાં ગ્રામ્ય સ્તરે આયોજન, જીવંત પ્રસારણની વ્યવસ્થા, નાગરિકોની ભાગીદારી અને વિવિધ સમિતિઓની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# વરિયાવ વાય-જંક્શનથી આઉટર રિંગ રોડને જોડતા રોડ પર ખાડી ઉપર નવો બ્રિજ બનાવાશે

**રૂ. 6.67** કરોડના ટેન્ડર રકમથી કામ સોંપવાની દરખાસ્ત

સુરતઃ વરિયાવ વિસ્તારમાં નાગરિકોની અવરજવર સરળ બને તે માટે વરિયાવ ‘Y’- જંક્શનથી આઉટર રીંગરોડને જોડતા 30 મીટરના ટી.પી. રોડ વચ્ચેથી પસાર થતી ખાડી ઉપર ઈપીસી બેઝિસથી નવો બ્રિજ બનાવવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ કામ માટે મનપા દ્વારા પ્રથમ પ્રયાસે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા, જેમાં કુલ ચાર ઈજારદારોએ ભાગ લીધો હતો. દસ્તાવેજોની ચકાસણી અને ટેકનિકલ મૂલ્યાંકન બાદ તેમાંથી ત્રણ ટેન્ડરર્સ ક્વાલિફાઈડ જાહેર કરવામાં આવ્યા હતા. આ તમામ લાયક ઈજારદારો દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રાઈસ બીડ ખોલવામાં આવતાં ‘જેએનપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુરત’ કંપનીનું ટેન્ડર સૌથી નીચું અને આર્થિક રીતે યોગ્ય હોવાનું સામે આવ્યું છે.

સૌથી નીચો ભાવ ભરનાર જેએનપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા અંદાજીત રકમ કરતાં 0.99% ઊંચો એટલે કે રૂ. 6.67 કરોડનોનો ભાવ રજૂ કરવામાં આવ્યો હતો. આ કામ માટે બ્રિજ વિભાગ દ્વારા હકારાત્મક અભિપ્રાય આપવામાં આવ્યો છે, જેથી હવે આ એજન્સીને રૂ. 6.67 કરોડના ટેન્ડર રકમથી કામ સોંપવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રવર્તમાન નિયમો અનુસાર જીએસટી (GST) ની રકમ અલગથી ચૂકવવામાં આવશે. ચોમાસા સહિત કુલ 12 મહિનાની સમયમર્યાદામાં આ પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવાનું આયોજન છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ઉધના ઝોન...

સંપૂર્ણપણે બંધ રહેશે. 31 ઓક્ટોબરે સવારે પણ તેની અસર જોવા મળશે, જેને પગલે પાંડેસરા અને હરિનગર સહિતના આસપાસના વિસ્તારોમાં પણ ઓછા પ્રેશરથી અથવા તો નહીંવત પાણી મળવાની પૂરી સંભાવના છે. મુખ્ય પાણીની લાઇન પર નવો વાલ્વ ફિટ કરવાની ખાસ કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત જળવિતરણ મથક સાથે જોડાયેલી ભૂગર્ભ ટાંકીઓની સ્વચ્છતાની સફાઈ પણ સાથેસાથે જ પૂર્ણ કરવામાં આવશે. આ પ્રક્રિયા શુક્રવારે સવારે 8:30 વાગ્યાથી શરૂ કરીને કામગીરી સંપૂર્ણપણે પૂર્ણ થાય ત્યાં સુધી સતત ચાલુ રાખવામાં આવશે, જેથી ભવિષ્યમાં નાગરિકોને શુદ્ધ અને નિયમિત પાણી મળી રહે.

### આ વિસ્તારમાં...

પીયૂષ પોઇન્ટ, પાંડેસરા ગામતળ, હાઉસિંગ બોર્ડ, અવિર્ભાવ સોસાયટી, કૈલાશનગર તથા તેની આસપાસના વિસ્તારોમાં પાણીનું વિતરણ ગંભીર રીતે ખોરવાઈ શકે છે અને કેટલાક ભાગોમાં ખૂબ જ ઓછા પ્રેશરથી અથવા તો નહીંવત પાણી મળી શકે છે. આ અગવડતાને ધ્યાનમાં રાખીને પાલિકા તંત્ર દ્વારા તમામ અસરગ્રસ્ત વિસ્તારોના રહીશોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે તેઓ અગાઉથી જ જરૂરિયાત મુજબના પાણીનો પર્યાપ્ત સંગ્રહ કરી રાખે અને તેનો અત્યંત કરકસરપૂર્વક ઉપયોગ કરે જેથી મુશ્કેલીથી બચી શકાય.

### વીજ સંકટ...

આપવામાં આવી રહી છે, ત્યારે સુરત મહાનગરપાલિકા દિવાળીના તહેવારના નામે ચાર-ચાર દિવસ સુધી રોશની કરીને લાખો યુનિટ વીજળી વેડફવાની તૈયારી કરી રહી છે. શહેરની સરકારી ઈમારતો અને બ્રિજોને ઝળહળતા કરવા પાછળ પ્રજાના ટેક્સના રૂ. 72.40 લાખ જેટલી માતબર રકમ ખર્ચવાની દરખાસ્ત સામે ભારે વિરોધના સૂર ઊઠ્યા છે. જો મનપાએ પ્રવર્તમાન વીજસંકટને ધ્યાને રાખી માત્ર દિવાળીના એક જ દિવસ પૂરતી પ્રતીકાત્મક રોશની રાખી હોત, તો રૂ. 54 લાખથી વધુ જાહેર નાણાંની સાથે લાખો યુનિટ વીજળીની પણ બચત થઈ શકી હોત.

દિવાળી પછી જો રાજ્યમાં વીજકાપ લદાશે તો સુરત મનપાના રૂ.72.40 લાખના વીજ વેડફાટની જવાબદારી કોણ લેશે?

જો તહેવારો સંપન્ન થતાં જ નાગરિકો અને ધમધમતા ઉદ્યોગો પર વીજકાપ લાદવામાં આવશે, તો રોજના સરેરાશ રૂ.18 લાખ કરતાં વધુ રકમની વીજળી અને પ્રજાના ટેક્સના નાણાં બાળવાની નૈતિક જવાબદારી આખરે કોણ સ્વીકારશે? જો પાલિકાએ વાસ્તવિક સ્થિતિ સમજીને માત્ર દિવાળીના એક જ દિવસ પૂરતી પ્રતીકાત્મક રોશની રાખી હોત, તો સીધા રૂ.54 લાખથી વધુની રોકડ તેમજ લાખો યુનિટ કિંમતી વીજળી બચી શકી હોત.

એક તરફ ખેડૂતો અને ગ્રામીણ પ્રજા અપૂરતી વીજળી સામે સંઘર્ષ કરી રહી હોય, ત્યારે શહેરમાં સરકારી ઈમારતો અને બ્રિજો પર સાત-સાત ઈજારદારોને કામ સોંપી આવો ઝાકમઝોળ તાયફો કરવો કેટલો વ્યાજબી ગણાય? આવતીકાલે જો સરકારના વીજ સંકટના નામે સામાન્ય જનતાને અંધારપટ કે ઉત્પાદન કાપ સહન કરવો પડશે, તો સુરત મનપાના શાસકો કે વહીવટી તંત્ર આ ગંભીર બેદરકારી અને વીજ વેડફાટના આરોપની જવાબદારી લેશે?

### ધોકાના...

પડે છે. આ ખાલી દિવસના કારણે ખર્ચ ઘટાડવા કે વીજળી બચાવવાને બદલે મનપા તંત્રએ 8 થી 11 નવેમ્બર સુધી સતત ચાર દિવસ રોશની ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે, જે તંત્રની અસંવેદનશીલતા દર્શાવે છે.

### એક દિવસની...

બેસાડવાની જરૂર હતી. જો પાલિકાએ માત્ર 8 નવેમ્બરે દિવાળીના મુખ્ય પર્વ પૂરતી જ રોશની રાખી હોત, તો સીધા રૂ.54 લાખથી વધુની બચત થઈ શકી હોત અને ગ્રીડ પરનું ભારણ પણ ઘટ્યું હોત. તહેવારની ઉજવણી જરૂરી છે, પરંતુ વીજ અછત વચ્ચે સતત ચાર દિવસ લાઈટોનો ઝગમગાટ ચાલુ રાખીને ઉડાઉ ખર્ચ કરવો કેટલો વ્યાજબી છે તે સવાલ હવે ચર્ચાના એરણે ચડ્યો છે. હવે સૌની નજર શાસક પક્ષ અને સ્થાયી સમિતિ પર ટકેલી છે કે શું તેઓ રાજ્યના વીજસંકટને ધ્યાને રાખી આ દરખાસ્તમાં સુધારો કરીને માત્ર એક દિવસ પૂરતી રોશની મર્યાદિત કરવાનો પ્રજાલક્ષી નિર્ણય લેશે કે પછી દર વર્ષની જેમ પ્રજાના પૈસે ચાર દિવસની ઝાકમઝોળને લીલી ઝંડી આપશે.

### ‘અટરલી બટરલી...

એક ડિસ્ટ્રિબ્યુટરના જણાવ્યા મુજબ, દૂધની મોસમી અછત બટરનો પુરવઠો ઘટવાનું એક સંભવિત કારણ છે. સુરતના કેટલાક દુકાનદારોના જણાવ્યા મુજબ, છેલ્લા 15 દિવસથી અમૂલ બટરની નિયમિત સપ્લાય મળી રહી નથી. 100, 200 અને 500 ગ્રામનાં પેકેટની સાથે 10 અને 20 ગ્રામનાં નાનાં પેકેટનો સ્ટોક પણ ખલાસ થઈ રહ્યો છે.

હોટેલ-રેસ્ટોરન્ટમાં બટરની માગ વધુ હોવાથી અન્ય રાજ્યોની ડેરીઓનું બટર વેચાઈ રહ્યું છે, જ્યારે સ્થાનિક ડેરીઓ વ્હાઇટ બટરનો પુરવઠો કરી રહી છે. ઓનલાઇન અને ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ પર પણ બટર ન મળવાની ફરિયાદો છે.

### ‘અર્નબ’ વાવાઝોડાને...

કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી, પરંતુ ત્યારબાદ રાજ્યમાં તાપમાનનો પારો ધીમે ધીમે 2થી 3 ડિ.સે. ગગડી શકે છે. આમ, હાલ રાજ્યમાં ગરમીનું જોર યથાવત્ રહેવાની સાથે આગામી ત્રણ દિવસ કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાવાની સંભાવના છે.

### બંગાળની ખાડીના...

રાહત મળી હતી. સુરતમાં આજે મહત્તમ તાપમાન બે ડિગ્રી ઘટીને 35.8 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન આંશિક ઘટાડા સાથે 23 ડિગ્રી રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ પણ ઘટીને 43 ટકા નોંધાયું હતું. તાપમાનમાં ઘટાડા સાથે પવનની ગતિ વધતાં શહેરના વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીમાં સક્રિય થયેલી ચક્રવાતી સિસ્ટમની અસરને પગલે અરબી સમુદ્રમાંથી પવનો ખેંચાઈ રહ્યા છે. આ હવામાન પ્રક્રિયાની અસર સુરત સહિત દક્ષિણ ગુજરાતના પવન પર જોવા મળી રહી છે. પરિણામે શહેરમાં પવનની ગતિમાં નોંધપાત્ર વધારો થયો છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં આગામી ત્રણથી ચાર દિવસ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. આ દરમિયાન છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પણ પડી શકે છે. જોકે, હવામાન વિભાગે હાલ ભારે વરસાદની કોઈ શક્યતા વ્યક્ત કરી નથી.

### 29થી 31...

જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આગાહી મુજબ વરસાદની શક્યતા મર્યાદિત વિસ્તારોમાં અને છૂટાછવાયાં સ્થળોએ છે. તેથી સમગ્ર રાજ્યમાં વ્યાપક વરસાદની સ્થિતિ સર્જાવાની આગાહી કરવામાં આવી નથી.

### ભારે કન્ટેનર...

હતું અને આખું કન્ટેનર રસ્તા પર જ પલટી મારી ગયું હતું.

વરાછા મેઈન રોડ સામાન્ય રીતે ભારે ટ્રાફિકથી ધમધમતો રહેતો હોય છે. જે સમયે કન્ટેનર પલટ્યું તે વખતે તેની બાજુમાં અન્ય કોઈ વાહનચાલક કે રાહદારી ન હોવાથી મોટી હોનારત ટળી હતી. જો કન્ટેનર કોઈ અન્ય વાહન પર પડ્યું હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. અકસ્માત અંગે જાણ થતાં જ પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. કોઈ ગંભીર ઈજા કે જાનહાનિ ન હોવાથી કાપોદ્રા પોલીસ મથકમાં આ મામલે હાલ માત્ર જાણવા જોગ નોંધ કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## લાજપોર જેલમાં બેરેકનાં પગથિયાં પરથી પટકાતાં કેદીને ગંભીર ઈજા

સુરત : લાજપોર મધ્યસ્થ જેલમાં મંગળવારે વહેલી સવારે રિઝવાન શેખ બેરેકના પગથિયાં પરથી નીચે ઉતરી રહ્યો હતો. તે દરમિયાન અચાનક પગ લપસતાં તે નીચે પટકાયો હતો. કેદીને ઈજા થતાં જેલના કર્મચારીઓએ તાત્કાલિક તેને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરી હતી. હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને પ્રિઝનર વોર્ડમાં દાખલ કર્યો હતો. હોસ્પિટલ વર્તુળોના જણાવ્યા મુજબ, હાલ તેની સ્થિતિ સ્થિર છે અને તબીબી દેખરેખ હેઠળ સારવાર ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, રિઝવાન શેખ ચાર મહિના અગાઉ જ લાજપોર મધ્યસ્થ જેલમાં આવ્યો હતો. તે અગાઉ મુંબઈમાં ફાયરિંગ સાથેના હત્યાના પ્રયાસના ગુનામાં ચાર વર્ષ સુધી જેલમાં રહી ચૂક્યો હોવાનું જાણવા મળ્યું છે. તેની સામે અન્ય ગુનાઓ પણ નોંધાયેલા હોવાનું જણાવાયું છે.